# ભાજપ અને લઘુમતી સમુદાય

- અરુણ જેટલી

વિપક્ષી નેતા (રાજ્ય સભા)

ભાજપના લઘુમતી મોરચા અને રાષ્ટ્રીય મુસ્લિમ મંચની પરિષદ નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. મેં તેના ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપી હતી. પક્ષના પ્રમુખ શ્રી રાજનાથ સિંહ દ્વારા તે પરિષદનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પરિષદમાં પ્રતિનિધિઓનો પ્રતિસાદ અભૂતપૂર્વ હતો.

એક સંગઠિત ઝુંબેશ દ્વારા ભાજપ વિશે લઘુમતી સમુદાયમાં ભયનું પરિબળ ઊભું કરવા માટે કેટલાક વર્ષોથી પ્રયાસો ચાલતા રહ્યા છે. પક્ષના કાર્યકરોએ ભાજપને તેમની સામે કોઈ પૂર્વગ્રહ નહિ હોવાનું લઘુમતી સમુદાયના સભ્યોનો સમજાવવા ભૂતકાળમાં કપરા ચઢાણનો સામનો કરવો પડ્યો છે. લઘુમતી સમુદાયના સભ્યો દ્વારા પક્ષના અભિગમની પ્રશંસા કરવામાં આવી. દિલ્હીમાં વર્ષ 1984ના શીખ વિરોધી રમખાણો બાદ શીખ સમુદાયના સભ્યો સાથે ભાજપના સંબંધોમાં સુધારો થયો હતો. ભાજપ સાથે સંકળાયેલા શીખ સમુદાયના નેતાઓ પંજાબ, દિલ્હી, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડમાં રાજ્ય વિધાનસભા માટે પણ ચૂંટાઈ આવ્યા હતા. સમગ્ર દેશમાં શીખ સમુદાય સાથે જોડાયેલા રાજકીય કાર્યકરો મોટી સંખ્યામાં ભાજપ માટે કાર્ય કરી રહ્યા છે .

ગોવા વિધાનસભાની ચૂંટણીમાં પક્ષે ખ્રિસ્તી સમુદાયના સભ્યોને મોટી સંખ્યામાં ટિકીટ ફાળવી હતી. ગોવાના લઘુમતી સમુદાયમાંથી મોટા ભાગના મતદારોએ ભાજપ માટે મતદાન કર્યું હતું. ગોવામાં ખ્રિસ્તી સમુદાય અને ભાજપ વચ્ચે કાલ્પનિક દિવાલ પડી ભાંગી છે. નાયબ મુખ્ય પ્રધાન સહિતના ઘણા પ્રધાનો લઘુમતી સમુદાયના છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીઓમાં રાજસ્થાન વિધાનસભા માટે લઘુમતી સમુદાયના ચાર સભ્યો - બે શીખ અને બે મુસ્લિમો વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ગુજરાત અને મધ્ય

પ્રદેશમાં સ્થાનિક સંસ્થાઓ માટે લઘુમતી સમુદાયના સભ્યોની ખૂબ જ મોટી સંખ્યામાં પસંદગી કરવામાં આવી. વિવિધ લઘુમતી સમુદાયો સાથે જોડાયેલા કેટલાક ઉમેદવારો મૂકવામાં આવ્યા અને તેઓને મતદારોનો સારો પ્રતિસાદ મળ્યો, જે ભાજપ માટે એક સુખદ બોધપાઠ છે .

ભાજપ અને અન્ય પક્ષો વચ્ચે સ્પષ્ટ તફાવત એ છે કે અમે લઘુમતીઓ રાજકીય સત્તા મેળવવા માટે ઉપયોગ કરતા નથી. અમે બરાબરના હિસ્સેદાર તરીકે ગણીએ છીએ. આ પરિષદમાં લઘુમતી સમુદાયના સભ્યો સહિત દરેક નાગરિકને સુરક્ષાની ખાતરી આપવામાં આવી. અમારો ઉદ્દેશ 'કોમી રમખાણોથી મુક્ત દેશ' બનાવવવાનો છે કે જેથી તેમના પ્રત્યે કોઇ ભેદભાવ ન રખાય અને તેઓને સમકક્ષ ગણવામાં આવે. અમે તેમના જીવનની ગુણવત્તા સુધારવા ઈચ્છીએ છીએ કે જેથી લઘુમતી સમુદાયના સભ્યો સહિતના દરેક ભારતીયનો આર્થિક વિકાસ થાય.

પરિષદમાં અમારા ટેકેદારોએ લઘુમતી સમુદાયના સભ્યો પ્રત્યે ભાજપના અભિગમનો પ્રચાર અને પ્રસાર કરવાનો નિર્ધાર કર્યો છે અને તેઓના મનમાંથી ગેરસમજો દૂર કરવા માટે સમગ્ર દેશમાં ઓછામાં ઓછી એક હજાર જ પરિષદોનું આયોજન કરવાનું નક્કી કર્યું છે.